**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૩ ટકા

# શહેરમાં ૧૬મીથી ગૂંજશે લગ્નની શરણાઈઓ

## શહેરમાં પાર્ટી પ્લોટના બુકિંગ માટે પડાપડી : અટકેલા તેમજ નવા લગ્નો આ બે મહિનામાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

શહેર અને જિલ્લામાં બે વર્ષ પછી લગ્નની શરણાઈઓ ગામે ગામ ગુંજી ઉઠશે. જેમાં સમગ્ર જિલ્લામાં અંદાજે એક હજારથી વધારે લગ્નો સંપન્ન થશે તેવા અનુમાન પંડિતો અને કેટરર્સ, મંડપવાળા દ્વારા કરાયા હતા.

છેલ્લા એક માસથી લગ્નગાળાની ખરીદી શહેરના બજારોમાં શરૂ થયેલી છે. દિવાળીના તહેવારોમાં પણ આ પ્રમાણ ચાલુ રહ્યું હતું. છેલ્લા બે વર્ષમાં ન થઈ શકેલા લગ્ન પણ આ વખતે થઈ રહ્યા હોવાથી તેમજ કોરોના મુક્ત વાતાવરણ હોવાથી શહેરી ગ્રામ્ય વિસ્તારોમાં ઉત્સાહપૂર્વક ગતિવિધિઓ તેજ બની છે. નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં લગભગ ૧૩ જેટલા લગ્નના મુહૂર્ત છે અને ગામે ગામ તૈયારીઓ અને બુકીંગ થઈ રહ્યા છે.

છેલ્લા બે વર્ષ દરમિયાન કોરોના મહામારીના કારણે મોટાભાગના લગ્નો મુલત્વી રહ્યા હતા. જૂજ લગ્નો જ ગાઈડલાઈન મુજબ તેમજ સાદગીપૂર્વક થયા હતા. ગયા વર્ષે કોરોના ઘાતક બનતા માંગલિક પ્રસંગો મોટા ભાગે બંધ રહ્યા હતા. હવે જ્યારે કોરોના મુક્ત વાતાવરણ થયું છે ત્યારે અટકેલા તેમજ નવા લગ્નો આ બે મહિનામાં યોજાશે. શહેરના પંડિતના જણાવ્યા મુજબ દર વર્ષે સરેરાશ ૭૦૦ થી ૮૦૦ લગ્ન જિલ્લામાં થતા હતા, પરંતુ કોરોનાના બે વર્ષમાં આ પ્રમાણ જળવાયુ ન હતુ એટલે ચાલુ વર્ષે તમામ જ્ઞાતિઓમાં લગ્ન પ્રસંગો શરૂ થયા છે અને વધારે પણ રહેશે. જિલ્લામાં એક હજારથી વધુ લગ્ન થવાની શક્યતાઓ છે.

શહેરમાં કેટરસ એસોસિએશન અને લગ્ન પ્રસંગોના મોટા રસોડા કરતાં રસોયાની સંખ્યા આશરે ૧૦૦ થી વધારે છે. મંડપ ડેકોરેટર્સ અને કેટરસના જણાવ્યા મુજબ આ વર્ષે લગ્ન સિઝન માટે અત્યારથી ઈન્કવાયરીઓ શરૂ થઈ ગઈ છે જેમાં ૫૦ થી વધુ બુકીંગ થયા છે. જેની સંખ્યામાં વધારો થશે તેવી આશા દેખાઈ રહી છે. બે વર્ષ પછી ધંધો શરૂ થઈ રહ્યો છે એટલું સારૂ છે બે વર્ષ બેસી રહ્યા હતા.

### નવે.માં ૭ અને ડિસે.માં ૬ લગ્નના મુહૂર્ત...

નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં મોટાભાગના મુહૂર્ત આવી જાય છે. ૧૫ ડિસેમ્બરથી કમુરતા શરૂ થશે અને ૧૪ જાન્યુઆરી સુધી ચાલશે એટલે આ દરમિયાન લગ્ન કે કોઈ માંગલિક પ્રસંગો સંપન્ન થશે નહી અને આ પછી પોષ મહિનામાં લગ્ન શરૂ થશે. ૧૫ નવેમ્બરથી ૧૪ ડિસેમ્બર સુધી ૧૩ થી ૧૪ જેટલા મુહૂર્ત હોવાથી લગ્નની ભરમાર રહેશે એવું પંડિતજી દ્વારા જણાવાયું છે.

"પહેલાના સમયમાં જે નોર્મલ વેડિંગ હતા તેવો માહોલ નથી. આ વર્ષે મોટા લગ્ન સમારોહ નથી એટલે ૪૦૦ આમંત્રિતો અને તેનાથી ઓછી સંખ્યામાં આમંત્રિતો બોલાવે એવા વેડિંગના બુંકિંગ છે અત્યાર સુધીમાં ૧૭ થી ૧૮ બુકીંગ થયા છે. ફેબ્રુઆરી માર્ચ સુધીમાં ટોટલ ૫૬ મુહૂર્ત છે. સંગીત સંધ્યા, પીઠી, મહેંદી, ડીજે માટે ઈન્કવાયરી ચાલુ છે. બહારના આમંત્રિતો ૨૦૦ જેટલા હોય અને ફેમિલીના જ ૨૦૦ આસપાસ થઈ જાય છે એટલે ખર્ચો ઓછો કરી રહ્યા છે. એક્સ્ટ્રા પેકેજ ઉપર નોર્મલ લાખ સવા લાખના પેકેજના બુકીંગ વધારે છે. અને જે હેવિ જગ્યાઓ છે એ ખાલી જ પડી છે. નાના નાના પેકેજ રંગમંચના બુકીંગ ચાલુ છે."

**- જિગર ત્રિવેદી**
**(મંડપ, ડીજે, પાર્ટીપ્લોટ સંચાલક)**

"અમારે લગ્ન પ્રસંગ માટે ફૂલ બુકિંગ છે. નવેમ્બરથી ફેબ્રુઆરી સુધીના ફૂલ બુકિંગ છે. અત્યારે કુલ ૫૦ બુકિંગ થયા છે અને આગળ પણ બુકિંગ ચાલુ જ રહેશે. જેવી પાર્ટી જેવુ ફંક્શન તેવા પેમેન્ટ લઈએ છીએ. દરેક વસ્તુના ભાવ વધ્યા છે તેથી ભાવ વધારો કરવો પડે પરંતુ આ વર્ષે થીમ મુજબ પેમેન્ટ લઈએ છીએ કોઈ ફીક્સ રેટ નથી."

**- અશોકભાઈ પટેલ**
**(મંડપ, પાર્ટીપ્લોટ સંચાલક)**

## પેથાપુરમાં દિવાળીના દિવસે ભગવાન મહાવીર નિર્વાણ દિન ઉજવાયો



ગાંધીનગર, તા. ૧૦

પેથાપુરના વાંટામાં આવેલ ૧૦૦૮ શ્રી નેમિનાથ દિગંબર જૈન દેરાસરમાં દિવાળીના દિવસે ભગવાન મહાવીર નિર્વાણ દિન ઉજવાયો હતો. જેમાં ભક્તોએ અભિષેક, પૂજા અર્ચના કરી નિર્વાણ લાડુ ચઢાવ્યા હતા. શ્રેયાંશભાઈ કોઠારીના જણાવ્યા મુજબ કાર્તિક અમાવસના દિવસે ભગવાન મહાવીરને મોક્ષની પ્રાપ્તી થઈ હતી તેથી પ્રતિ દિવાળીના દિવસે જૈન ધર્મમાં મહાવીરનો નિર્વાણ દિન ઉજવાય છે.

## સંગીતમગ્ન ગણેશજીની સુંદર રંગોળી




ગાંધીનગર, તા. ૧૦

દીપાવલી તથા નૂતન વર્ષના અવસર પર અવની પ્રકાશ દવેએ સેક્ટર-૩-ન્યુ ખાતે પોતાના નિવાસસ્થાને સંગીતમગ્ન ગણેશજીની સુંદર રંગોળી બનાવી હતી. જેમાં સુંદર મજાના રંગો પૂરીને આકર્ષક રંગોળી તૈયાર કરાઈ હતી.




રાષ્ટ્રીય સેવા યોજના જેને એનએસએસથી ઓળખવામાં આવે છે, એક એવી પ્રવૃત્તિ છે જેમાં જોડાનાર વિદ્યાર્થીઓ રાષ્ટ્રભક્તિ સાથે સમાજ સેવા અને સામાજિક જવાબદારીના ગુણો શીખવા સાથે પોતાની પ્રતિભાને વિકસાવતી બહુ આયામી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ભાગ બની પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધે છે. ગાંધીનગરના સે. ૭ની પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓની ત્રિદિવસીય એનએસએસ શિબિર શહેરના ઈન્દ્રોડા ગામ ખાતે યોજાઈ હતી જેમાં "આઝાદી કા અમૃત મહોત્સવ"ની થીમ આધારિત પ્રવૃત્તિમાં તેમણે ભાગ લીધો હતો.

## દિવાળીની અનોખી રંગોળી




ગાંધીનગર, તા. ૧૦

દિવાળી પર્વમાં ઘરે ઘરે સુંદર મજાની અલગ અલગ રંગોળીઓ તૈયાર કરાઈ હતી. ત્યારે સેક્ટર-૧ માં રહેતા જયસિંઘાની પરિવારે તેમના ઘર આંગણે આવેલ લક્ષ્મી 'ધેયાન્સી'નું સ્વાગત સુંદર મજાની રંગોળી બનાવીને કર્યુ હતુ.

## ઈન્દુમતિ ફાઉન્ડેશન દ્વારા રંગોળી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૦

ઈન્દુમતિ ફાઉન્ડેશન અને ગાંધીનગરની પ્રથમ હિન્દી વેબ ન્યુઝ ચેનલ તસવીરે ગાંધીનગર દ્વારા દિવાળીના તહેવાર નિમિત્તે રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પંદર સુંદર રંગોળીની પસંદગી કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે મીતાબેન સુથાર, કિમી ભટ્ટ અને શિવમ સુથાર રહ્યા હતા. દરેક વિજેતાઓને ઈન્દુમતી ફાઉન્ડેશન અને તસવીરે ગાંધીનગર તરફથી ટ્રોફી તેમજ માસ્ક અને સેનીટાઈઝર આપ્યા હતા. રંગોળી સ્પર્ધામાં સફળ આયોજનમાં રિયા કશ્યપ, સાગર દેસાઈ અને બ્રિજરાજસિંહ જાલાએ અમુલ્ય ફાળો આપ્યો હતો.

## રેડક્રોસ દ્વારા થેલેસીમિયાગ્રસ્ત બાળકો અને પરિવાર સાથે દિવાળી ઉત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૦

રેડક્રોસ દ્વારા થેલેસીમિયાગ્રસ્ત બાળકો અને પરિવાર સાથે દિવાળી ઉત્સવ ઉજવ્યો હતો. દિવાળીમાં એવા ઘરે ઉજાશ કરીએ જ્યાં થોડું અંધારૂ હોય. તેવો જ પ્રયાસ ગાંધીનગર ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં થેલેસીમિયા મેજર રોગથી સારવાર લેતા બાળકો જેમને જીવે ત્યાં સુધી નિયમિત દર પંદર દિવસે અને ક્યારેક વહેલા પણ લોહી ચડાવવાની જરૂર પડે છે અને સારવાર લેવા માટે જીવનનો મોટાભાગનો સમય દવાખાનાઓમાં જાય છે. તેવા બાળકો પ્રત્યે સમાજમાં સંવેદના આવે અને બાળકોને સારવારની સાથે ખુશી પણ મળે તે હેતુથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સિવિલ હોસ્પિટલના પટાંગણમાં ફટાકડા ફોડવા અને ઉત્સવ મનાવવા પરિવાર સાથે થેલેસીમિયાના બાળકો અને રેડક્રોસના સ્વયંસેવકોએ દિવાળી ઉજવી હતી. બાળકોને મીઠાઈ, ફટાકડા અને શુભેચ્છાઓ ભેટ પણ આપી હતી. રેડક્રોસના સભ્યોએ સિવિલ હોસ્પિટલ ખાતે રક્તદાન કરવા માટે રક્તદાતાઓને અપીલ કરી હતી.

## સેક્ટર-૧૭ વૃધ્ધાશ્રમ ખાતે સ્વેટર તથા કરિયાણાનું વિતરણ



ગાંધીનગર, તા. ૧૦

સેક્ટર-૧૭ વૃધ્ધાશ્રમ ખાતે ૩૦ વૃધ્ધોને સ્વેટર તથા કરિયાણાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ ભગીરથ કાર્ય રૂતુલભાઈ પટેલના સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં રાજેશ પંચોલી (સમર્પણ મુક બધિરના ટ્રસ્ટી) તથા વૈભવ જાની હાજર રહીને આ ભગીરથ કાર્ય પૂર્ણ કર્યુ હતુ. સેવા પરમો ધર્મ સૂત્રને સાકાર કરીને સભ્યો દ્વારા સેવાકાર્ય કરવામાં આવ્યું હતું.

## રોટરી ક્લબ ઓફ કેપિટલ સંચાલિત ફિઝીયોથેરાપી સેન્ટરનું આજે ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૧૦

રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા સંચાલિત કમળાબેન રામભાઈ પ્રજાપતિ ફિઝીયોથેરાપી સેન્ટરનું આજે ઉદ્ઘાટન યોજાશે. આ ઉદ્ઘાટન પ્રસંગે આપ સૌને ભાવભર્યુ આમંત્રણ પાઠવેલ છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તેમજ ઉદ્ઘાટક ઋષિકેશભાઈ પટેલ (મંત્રી, હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર, મેડીકલ એજ્યુકેશન, વોટર રીસોર્સ એન્ડ વોટર સપ્લાય) તથા અતિથિ તરીકે અશોક મંગલજી (ડીસ્ટ્રીક્ટ ગવર્નર), ડૉ. એસ.કે. નંદા (પાસ્ટ પ્રસીડન્ટ), મધુકર પરીખ (આસીસટન્ટ ગવર્નર) ઉપસ્થિત રહેશે. આ ઉદ્ઘાટન સમારોહ બી-૧૭, રાધિકા રેસીડેન્સી, રાધે ગોવિંદ ટેનામેન્ટની સામે, ઉમા હોસ્પિટલ નજીક, નિકોલ રોડ, નવા નરોડા, અમદાવાદ ખાતે યોજાનાર છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ડૉ. નિધી પ્રજાપતિ, પાર્થ ઠક્કર, અમીબેન શાહ તરફથી ભાવભર્યુ આમંત્રણ પાઠવેલ છે.

## પાંચમી ટેકવોન્ડો ઓપન સ્ટેજ ટૂર્નામેન્ટમાં ગાંધીનગરના ખેલાડીઓ ઝળક્યાં

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના બાળ ખેલાડીઓ વિવિધ રમતોમાં વિવિધ સ્તરે તેમની પ્રતિભા ઝળકાવી રહ્યાં છે. તાજેતરમાં અમદાવાદના બાપુનગર ખાતે યોજાયેલી ટેકવૉન્ડોની ઓપન સ્ટેજ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ ટેકવૉન્ડો એસોસિએશન સાથે સંકળાયેલા ખેલાડીઓએ કુલ ૨૨ ચંદ્રકો જીત્યાં છે જેમાં ૧૨ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ્સનો સમાવેશ થાય છે.

અમદાવાદના બાપુનગર ખાતે તા. ૩૧મી ઓક્ટોબરના રોજ રમાયેલી પાંચમી ઓપન સ્ટેજ ટેકવૉન્ડો ટૂર્નામેન્ટમાં રાજ્યના ૧૪ જિલ્લાના ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લાની ટીમે ૧૨ ગોલ્ડ મેડલ્સ જીત્યા છે, જે ખેલાડીઓમાં શ્રેયા કાપડિયા, હર્ષિલ પરમાર, શ્રદ્ધા નિકમ, ખુશાલી ગરોડ, કિશન ગરોડ, દેવર્ષ પરમાર, આકૃતિ ગોસ્વામી, ચાર્મી સોલંકી, નિધિ સોલંકી, ચંદ્રકાન્ત રાવત, યશ પટેલ, યથાર્થ નુટ્ટુ વગેરેનો સમાવેશ થાય છે. સિલ્વર મેડલ્સ જીતનાર ખેલાડીઓમાં રૂદ્રા પટેલ, હેત ચાવડા, પ્રવિણ પરમાર, હેત પંડ્યા, પ્રતિ રાણા, સાહિલ સોલંકી, સુવર્ણ પટેલ, સમીર હડીયલ અને બ્રોન્ઝ મેડલ્સ વિજેતામાં પ્રથમ સોલંકી અને જૈનિશ પ્રજાપતિનો સમાવેશ થાય છે. તેવું ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ ટેકવૉન્ડો એસોસિએશનની અખબારી યાદીમાં જણાવાયું છે. ખેલાડીઓને કોચ પારૂલ ચાવડા, કાનલ ચોકસી અને આર્યન ચાવડા સહિત એસોસિએશનના ડાયરેક્ટર રાજુભાઈ ચાવડાએ અભિનંદન પાઠવ્યાં હતા.

## ન્યુ વાવોલ અંડરપાસ વિસ્તારમાં રખડતાં કૂતરાઓનો વધતો ત્રાસ



ગાંધીનગર, તા. ૧૦

નવ નિર્મિત લીલા હોટલ તરફથી ન્યુ વાવોલ તરફ જતા માર્ગ પર રખડતા કૂતરાઓનો ત્રાસ વધી જવા પામ્યો છે. વાવોલ અંડરપાસથી પેટ્રોલ પંપ તરફના વિસ્તારમાં રાત્રી દરમિયાન કૂતરાઓ માર્ગો પર આવી જતા વાહનચાલકોમાં અકસ્માતનો ભય સર્જાયો છે.

ન્યુ વાવોલ વિસ્તારમાં બનેલા અંડરપાસ તરફ આજુબાજુ ફૂટપાથ પર નોનવેજની લારીઓ ઉભી કરવામાં આવી છે જેથી રખડતાં કૂતરાઓનું ઝૂંડ તેની આસપાસ જોવા મળે છે. સાંજના સમયે આ લારીઓ શરૂ કરવામાં આવે છે ત્યારથી રાત્રીના દસ વાગ્યા સુધી લારીવાળાનો ધંધો ચાલતો હોવાથી ત્યાં મોડી રાત સુધી માર્ગો પર રખડતાં કૂતરાઓની ચહલપહલ ચાલુ જ હોય છે. આ નોનવેજની લારીઓવાળા રખડતા કૂતરાઓને નોનવેજ ખાવા માટે આપતા હોવાથી દિવસે ને દિવસે આ વિસ્તારમાં રખડતાં કૂતરાઓની સંખ્યા વધી રહી છે. માર્ગો પર અચાનક દોડી આવતા રખડતા કૂતરાઓથી વાહનચાલકોને અકસ્માતનો ભય રહે છે તેથી જવાબદાર તંત્ર દ્વારા આ વિસ્તારમાં ચાલતી નોનવેજની લારીઓ બંધ કરાવવી જોઈએ તેવી રહિશોની પણ માંગ છે. મોટા વાહનો પૂર ઝડપથી આ માર્ગ પર પોતાનું વાહન ચલાવતા હોવાથી રખડતાં કૂતરાઓની જાનને પણ નુકશાન થઈ રહ્યુ છે. ફૂટપાથ પર ચાલતા જતા માણસોને આ કૂતરાઓની પરેશાની નડી રહી છે. આવતા જતા માણસોને ભસતા અને પાછળ પડતા ન્યુ વાવોલ વિસ્તારના રહેવાસીઓ પણ પરેશાન છે. જેમ જેમ ન્યુ વાવોલ વિસ્તારનો વિકાસ થઈ રહ્યો છે તેમ તેમ અનેક લારી-ગલ્લા અને ફૂડ સ્ટોલ ફૂટપાથ પર શરૂ થઈ રહ્યા છે. એક તરફ રખડતાં ઢોરોનો ત્રાસ છે અને બીજી તરફ આ રખડતાં કૂતરાઓની નવી મુશ્કેલીઓ ઉભી થઈ ગઈ છે. આ માર્ગ પર અકસ્માતો પણ અવારનવાર થતા આવ્યા છે જેથી જવાબદાર તંત્ર દ્વારા ઝડપથી આ બાબતે નોંધ લઈને કાર્યવાહી હાથ ધરવી જોઈએ. શિયાળાની શરૂઆત થઈ ગઈ છે તેથી સવારના સમયમાં વોકિંગ માટે નાગરિકો આ વિસ્તારમાંથી અવરજવર કરે છે. રખડતાં કૂતરાઓના ત્રાસતી સવારમાં વોકિંગ માટે જતા નાગરિકોને પણ મુશ્કેલી પડી રહી છે. ન્યુ વાવોલ વિસ્તારમાં રખડતા ઢોરો અને રખડતાં કૂતરાઓનું પ્રમાણ દિવસે ને દિવસે વધી રહ્યું છે તેથી રહીશોને મુશ્કેલીઓ પડી રહી છે.





દિવાળીની રજાઓ બાદ ફરી વેપાર-ધંધા શરૂ કરવાનું શુભ મુહૂર્ત એટલે લાભ પાંચમ. નૂતન વર્ષના પ્રારંભે નવેસરથી નવા ક્લેવર અને નવા જોમ-ઉત્સાહ સાથે વેપાર-ધંધાની શરૂઆત આ અત્યંત શુભ અને પવિત્ર ગણાતા દિવસે કરવાથી સમગ્ર વર્ષ દરમ્યાન વેપાર-ધંધામાં બરકત સારી રહે તેવી માન્યતા સદીઓથી પ્રચલિત છે. જેને ભારતીય સંસ્કૃતિમાં આજે પણ માનવામાં આવે છે. ગાંધીનગરમાં લાભપાંચમના પાવન દિને લારી-ગલ્લા-પાંથરણાંથી માંડીને દુકાન-શૉ રૂમ કે ઓફિસ ધરાવતા મોટા ભાગના વેપારીઓએ મુહૂર્ત કરીને પોતાના વેપાર-ધંધા ફરી શરૂ કર્યા હતા.



## નૂતન વર્ષની પહેલી પુસ્તક પરબમાં ૩૧૧ પુસ્તકોની આપ - લે થઈ

ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવતી પુસ્તક પરબ અન્વયે દિવાળી - નૂતન વર્ષના તહેવારના વાતાવરણમાં નવેમ્બર મહિનાની પરબ તા. ૭મી નવેમ્બરના રોજ યોજાઈ હતી. સેકટર - ૧૨માં બલરામ મંદિર પરિસર ખાતે યોજવામાં આવેલી આ સદવાંચનની પરબમાં વડીલો, યુવાઓ - વિદ્યાર્થીઓ, બહેનોએ પોતાની પસંદગીના પુસ્તક - મેગેઝિનનો લાભ લીધો હતો. આ પરબમાં ૭૬ પુસ્તકો અને ૧૭૮ મેગેઝિનની આવક અને ૩૭ પુસ્તકો અને ૨૪ મેગેઝિનની જાવક થઈ હતી. કુલ અંદાજે ૩૧૧ પુસ્તક - સામયિકોનું આદાન- પ્રદાન થયું હતું અને લગભગ ૭૦થી વધુ વાંચન ભાવકોએ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. પુસ્તક પરબ ટીમના અને અન્ય સહયોગીઓ સર્વશ્રી પ્રજ્ઞા પટેલ, રોહિણીબેન પરમાર, રણછોડભાઈ પરમાર, સંજયભાઈ થોરાત, અજય ઉપાધ્યાય, તાહિરભાઈ, બિપીનભાઈ ભટ્ટ, વિષ્ણુસિંહ ચાવડા, સમીર શાહ વગેરેએ પોતાનું યોગદાન આપ્યું હતું. સહુએ પરસ્પર નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

## જન્મદિને વધામણી



**હરેશભાઈ ભટ્ટ**
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ઉપપ્રમુખ, શિવરંજની ટ્રસ્ટી, પેન્શનર્સ સમાજ, ગાંધીનગર
મો. ૯૮૨૫૩ ૮૭૦૭૮



**યુવરાજસિંહ પરમાર**
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



**મિલન જે પ્રજાપતિ**
મો. ૯૭૧૨૧ ૨૫૫૮૧



**પ્રશિત મોદી**
મો. ૯૭૨૭૮ ૭૪૦૩૫



**અંકિત વિષ્ણુભાઈ પ્રજાપતિ**
મો. ૯૦૧૬૫ ૫૬૪૦૫



**આર્યન સતિષકુમાર પ્રજાપતિ**
મો. ૯૦૧૬૫ ૫૬૪૦૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ચૌહાણ ગંગાબેન અમરસિંહ, ઉ.વ. ૭૯, સેક્ટર-૧૩
- સ્વ.ઠાકુર પુષ્પાબેન રાજકુમાર, ઉ.વ.૭૩, પેથાપુર
- સ્વ.જીનગર જશવંતલાલ સકરચંદ, ઉ.વ.૮૫, સેક્ટર-૨૪
- સ્વ.દવે વસંતિકા જગદીશચંદ્ર , ઉ.વ. ૭૭, સેક્ટર-૭
- સ્વ.ઠાકર જયાબેન નર્મદાશંકર , ઉ.વ. ૮૧, સેક્ટર-૫
- સ્વ.વ્યાસ શોભનાબેન મનુભાઈ , ઉ.વ. ૬૫, સેક્ટર-૨